ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ઢોલીવુડના શહેનશાહ નરેશ કનોડીયાના મૃત્યુની અફવા...!

## સોશ્યલ મિડીયા પર અફવા બજાર ગરમ થતા લાખો ચાહકો અને કુટુંબીજનોમાં નિરાશા : નરેશ કનોડીયાએ સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી



ગાંધીનગર, તા.૧૩

ગુજરાતી ફિલ્મોના વિશ્વમાં બેતાજ બાદશાહ કહેવાતા અને ઢોલીવુડના અમિતાભ બચ્ચન શહેનશાહની તુલનામાં આવતા અભિનેતા નરેશ કનોડીયાના મૃત્યુની સોશ્યલ મિડીયા પર ચાલેલી અફવાઓથી નરેશ કનોડિયા ખફા થયા છે. લાખો ચાહકો અને પરિવારજનો નિરાશ થયા છે જેથી આ કાવતરૂ કરનાર વ્યકિતને પકડવા માટે નરેશ કનોડીયાએ સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

દેશ વિદેશમાં વસતા ગુજરાતીઓના દિલમાં પોતાની અલગ જગ્યા બનાવી ચુકેલા અને ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના શહેનશાહ કહેવાતા નરેશ કનોડીયાના મૃત્યુની અફવા છેલ્લા બે દિવસથી વોટસએપ અને ફેસબુક સહીતના સોશ્યલ મિડીયા પર વાયુ વેગે પ્રસરવા લાગી છે. જેનાથી નરેશ કનોડિયાના લાખો ચાહકો અને કુટુંબીજનોના દિલ દુભાયા છે. એક ટીવી ચેનલના લોગો સાથેના ફરતા થયેલા ન્યુઝ ફોર્મેટના ફોટોને પગલે સૌ કોઈ સાચુ માની બેઠા હતાં. જેથી ચાહકોની નારાજગી દુર કરવા અંતે નરેશ કનોડીયા પોતે સેકટર-૭ પોલીસ સ્ટેશન પહોંચી ગયા હતા અને ચાહકોના દિલ દુભાવવાનું કૃત્ય કરનારની સામે ફરિયાદ કરી આરોપીને પકડવા અનુરોધ કર્યો હતો. સે-૭ પોલીસે સાઈબર ક્રાઈમ અંતર્ગત ગુનો નોંધીને ઝીણટવભરી તપાસ શરુ કરી છે.

# જોખમી મકાનોના કાટમાળની સરકારને અંદાજિત ૫ કરોડની આવક થશે

## એજન્સીઓએ સરકારને કાટમાળની રકમ ચુકવવી પડશે

ગાંધીનગર, તા.૧૩

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી પાડવાનું તબક્કાવાર કામ હાથ ધરાશે. જયારે નિકાલ હેઠળના મકાન તોડવાની કામગીરી અન્વયે સરકારને અંદાજિત રૂ. ૫ કરોડની આવક થશે. સંબધિત એજન્સીઓએ આવાસોનો કડુસલો બોલાવવા વિભાગને ખર્ચ ચુકવવો પડશે.

શહેરના વિવિધ સેકટરોમાં સ્થિત નિકાલ હેઠળના ૧૭૦૦ જેટલા મકાનો તોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જયારે જુદી જુદી કક્ષાના આ આવાસો તોડવા માટે તંત્ર દ્વારા હાલ એજન્સીઓ તૈયાર કરવામાં આવી રહી છે. અગાઉ માત્ર સે-૧૩માં જ નિકાલ હેઠળના અમુક મકાનો તોડવામાં આવ્યા હતા જયાર ઉચ્ચકક્ષાએ યોજાયેલી બેઠકના અંતે શહેરમાં સ્થિત તમામ જોખમી આવાસો તોડી નાંખવાનો નિર્ણય લવાયો છે. જેના અંતે હવે વિવિધ સેકટરોમાં સ્થિત નિકાલ હેઠળના સરકારી મકાનોની યાદી તૈયાર કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં મકાનો તોડવાના મામલે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી સંબંધિત એજન્સીઓને કામ સોંપવામાં આવશે. જો કે આવાસોને તોડવાની આ કામગીરી અન્વયે વિભાગને અંદાજિત રૂ. ૫ કરોડની આવક પેટે નિકાલ હેઠળના સરકારી આવાસોના સ્થાને તંત્ર દ્વારા ટાવર કોલોનીનું નિર્માણ કરવાનું આયોજન પણ હાથ ધરવામાં આવનાર છે.

# કોર્ટ સંકુલમાં લગ્નગ્રંથિથી જોડાવા આવેલા પ્રેમીયુગલના લીધે હોબાળો મચ્યો

## હિંમતનગરથી-ગાંધીનગર આવેલા યુગલને યુવતિના કાકા જોઈ જતા મામલો ગરમાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર કોર્ટમાં આજે લગ્ન કરવા હિંમતનગરથી ભાગીને આવેલા યુવક-યુવતિના લીધે હોબાળો મચી જવા પામ્યો હતો. યુવતિના કાકાએ કોર્ટમાં યુવકને મારવા લેતા વાતાવરણ ગરમાયું હતુ. બન્ને પક્ષ દ્વારા યુવતિને પોતાની તરફ ખેંચવાની મથામણના અંતે માંડમાંડ મામલો થાળે પડ્યો હતો. ઘટનાના પગલે કોર્ટ સંકુલમાં વકીલો અને અસીલો ટોળે વળી ગયા હતા.

લગ્નગ્રંથિથી જોડાવવાની પ્રથમ ઈચ્છા સાથે આજે બપોરે હિંમતનગરથી ગાંધીનગર કોર્ટ સંકુલમાં આવેલા યુવક-યુવતિના લીધે ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. વકીલ સાથે કાર્યવાહી માટે આગળ વધતા યુગલને યુવતિના કાકાએ કોર્ટમાં ઝડપી લેતા મામલો વણસ્યો હતો. યુવતિના કાકાએ તેમને અટકાવતા સામસામે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેના પરિણામે કોર્ટ સંકુલમાં હોબાળો મચી જતા વકીલો અને અસીલો મોટી સંખ્યામાં ભેગા થઈ ગયા હતા. વકીલોના બેઠક શેડમાં યુવતિના કાકા અને યુવક વચ્ચે જપાજપી પણ થઈ ગઈ હતી. બન્ને પક્ષ દ્વારા યુવતિને પોતાની તરફ કરવાના ઉગ્ર પ્રયાસો થયા હતા. બીજી તરફ યુવતિ પણ એકની બે ન થતા મામલો ટુંકમાં પત્યો ન હતો. યુવકની સાથે તેના મિત્રો પણ હતા. એક તબક્કે યુવતિ પણ ગમે તેમ બોલી તેણીના કાકા સહીત કોઈને ઓળખતી જ ન હોવાની બૂમો પાડતી હતી. આખરે માંડ-માંડ મામલો થાળે પડ્યો હતો.



લીલોતરીની મજા - સતત અને સારા વરસાદથી લીલુછમ બનેલું ગાંધીનગર સુંદરતા તો આપે જ છે પરંતુ અબોલ પશુઓને ઘાસચારો પણ સારા એવા પ્રમાણમાં આપે છે. ગાંધીનગરના માર્ગોની બંને બાજુઓએ તથા ખુલ્લા અને ખાલી પ્લોટમાં આજકાલ ગાયો-ભેંસો, ઘેંટા-બકરાં નિયમિત રીતે ચરવા માટે છોડી મૂકાય છે... ક્યારેક ક્યારેક ઉંટ પણ ચરવા માટે છોડાય છે... (તસવીર : દિપક જાની)

# ચોકીદારે માલીકનો સે. ૧૯માં સ્થિત પ્લોટ પચાવી પાડતા ફરીયાદ

## ૨૦૦૭ માં મૃત્યુ પામેલા ચોકીદારની જગ્યાએ તેના દિકરાને રાખ્યો હતો

ગાંધીનગર, તા. ૧૩

અમદાવાદ ખાતે રહેતા વેપારીએ તેમના સે. ૧૯ ખાતે સ્થિત એક પ્લોટમાં ચોકીદાર રાખ્યો હતો. તેનું અવસાન ૨૦૦૭ માં થયા બાદ મૃત્યુ પામેલા ચોકીદારના દિકરાને નોકરીએ રાખ્યો હતો. હવે ચોકીદારી કરતા દિકરાએ પ્લોટ પચાવી પાડ્યો છે અને જગ્યા ખાલી કરવાની ના પાડી દેતા સે. ૨૧ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવા પામી છે.

અમદાવાદના શ્રી રામસદન બંગ્લોઝ ખાતે રહેતા કાપડના વેપારી પવનકુમાર રામજીભાઈ અગ્રવાલનો ગાંધીનગર સે. ૧૯ ખાતે પ્લોટ છે. પ્લોટ નં. ૬૨માં તેમના પ્લોટ પર તેમણે અરજણભાઈ રબારીને ચોકીદાર તરીકે વર્ષો પહેલા રાખ્યા હતા. વર્ષ-૨૦૦૭ માં તેઓ મૃત્યુ પામ્યા હતા. ત્યારબાદ અરજણભાઈના દિકરા રઘુ રબારીએ ચોકીદારીની જવાબદારી સ્વિકારી નોકરીએ લાગ્યો હતો. હવે આ પ્લોટનો કબ્જો લઈ લીધો છે અને રઘુ પ્લોટ ખાલી કરવાની ના પાડે છે. જેને પગલે સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં રઘુ રબારી સામે પ્લોટ માલીકે ફરીયાદ આપતા ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# સરકારી કચેરીઓમાં મીની વેકેશન જેવો માહોલ

## સચિવાલય સહીત સરકારી કચેરીઓમાં ૧૫, ૧૬, ૧૭ ને ૧૮ ઓગસ્ટની સળંગ ચાર રજાઓ

ગાંધીનગર, તા. ૧૩

સચિવાલય સહીત સરકારી કચેરીઓમાં ચાર દિવસનું મીની વેકેશન પડતા સરકારી કચેરીઓમાં કર્મચારીઓની પાંખી હાજરી જોવા મળી રહી છે.

૧૫મી ઓગસ્ટને શુક્રવારના રોજ જાહેર રજા છે જ્યારે શનિવારે સરકારી કચેરીઓ ચાલુ છે. ત્યાર બાદ ૧૭મીએ રવિવાર અને ૧૮મીએ જન્માષ્ટમીની જાહેર રજાઓ આવે છે. આથી શનિવારે કર્મચારી એક દિવસની રજા લે એટલે સળંગ ચાર દિવસની રજાનો લાભ મળે તેમ છે.

સાતમ આઠમના તહેવારો માણવા માટે મોટા ભાગના કર્મચારીઓએ આ રજાઓનો લાભ લેતા સચિવાલય સહીત સરકારી કચેરીઓમાં મીની વેકેશન જેવો માહોલ જોવા મળી રહ્યો છે.

ચાર દિવસની રજાનો લાભ મળી રહ્યો હોઈ કેટલાક કર્મચારીઓ પોતાના પરિવાર સાથે સાતમ આઠમના તહેવાર મનાવવા માટે પોતાના વતનમાં જવા લાગ્યા છે. જેના કારણે કેટલાક વિભાગોમાં કર્મચારીઓની પાંખી હાજરી જોવા મળી રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમંત્રી મંડળના મંત્રીઓને ૧૫મી ઓગસ્ટના રોજ ધ્વજવંદન કાર્યક્રમ માટે જિલ્લાઓની ફાળવણી કરવામાં આવી હોઈ આવતીકાલથી તમામ મંત્રીઓ પણ જિલ્લાના પ્રવાસે નિકળશે જેના કારણે ચાર દિવસ સચિવાલય સંપૂર્ણ સુમસામ બની જશે.

# ગાંધીનગર ખાતે સે.૧૧માં ધ્વજવંદન

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર તાલુકા કક્ષાના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી શાલીન કોમ્પ્લેક્ષની સામેના મેદાનમાં, ચ-૩ નજીક, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કરવામાં આવશે. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના પ્રભારી સચિવ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્ર સચિવ શ્રી એમ.એસ.ડાગુર રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપશે.

આજરોજ ગાંધીનગર તાલુકા કક્ષાના સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના કાર્યક્રમનું રિહર્સલ યોજાયું હતું. ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી સુધીરભાઇ પટેલે રિહર્સલમાં રજૂ થનાર સાંસ્કૃતિક કાર્યક્રમ, પરેડ અને મહાનુભાવોની બેઠક વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર મામલતદાર શ્રી ડી.જી.મોદી, ડી.વાય.એસ.પી. શ્રી જાડેજા, સેકટર - ૬ પોલીસ સ્ટેશન પી.આઇ શ્રી ભરવાડ સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસથિત રહયાં હતાં.


ગુજરાત સરકાર દ્વારા ગુજરાતની ૬ કરોડ જનતાને સ્વાતંત્ર્ય દિવસની અણમોલ ભેટ

- ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી.) ની બસોના પેસેન્જર ટેક્ષમાં ૧૦ ટકા ઘટાડાનો તા.૧૫ ઓગષ્ટ, ૨૦૧૪ થી અમલ.
  - આ ઘટાડાથી એસ.ટી.માં મુસાફરી કરતા પેસેન્જરોને દર વર્ષે અંદાજે રૂ.૧૫૦/- કરોડની રાહત.
- મુખ્યમંત્રી અમૃતમ્ "મા" યોજના ના વ્યાપમાં વધારો.
  - ગુજરાતમાં મુખ્યમંત્રી અમૃતમ્ "મા" યોજના બી.પી.એલ. પરિવારો માટે વર્ષ ૨૦૧૨માં મુખ્યમંત્રીશ્રી માન.શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા અમલમાં મુકવામાં આવેલ અને આ યોજના ખૂબજ ઉપયોગી અને લોકપ્રિય બનેલ છે.
  - તેને ધ્યાનમાં રાખી માન. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા "મા" યોજનાનો વ્યાપ વધારવાનો નિર્ણય કરવામાં આવેલ છે, જે અંતર્ગત હવે વાર્ષિક રૂ. એક લાખ વીસ હજાર સુધીની આવક ધરાવતા પરિવારની તમામ મહિલા અને ૨૧ વર્ષની ઉંમર સુધીના બાળકો-યુવાનોને "મા" યોજના હેઠળ આવરી લેવામાં આવ્યાં છે, જેનો આરોગ્ય વિભાગ દ્વારા શુભારંભ.
  - જેથી હવે હૃદયરોગ, કેન્સર, કિડની, ગંભીર ઇજાઓ, દાઝી જવાના કિસ્સામાં, મગજની બીમારી, નવજાત શિશુની બીમારીઓ વગેરે રોગો માટે પરિવાર દીઠ વાર્ષિક રૂ. બે લાખ સુધીની કેશલેસ સારવાર સરકારી અને માન્યતા આપેલ મલ્ટીસ્પેશિયાલિટી ખાનગી હોસ્પિટલોમાં આપવામાં આવશે.
- રાજ્યમાં બાળકોને થતાં ઝાડા ઉલ્ટીના નિયંત્રણ માટે સઘન જનજાગૃતિ ઝુંબેશ અને બાળ પોષણ સંમેલન.
- રાજ્યના આદિવાસી અને અંતરીયાળ વિસ્તારમાં રહેતા નાગરિકોના આરોગ્યની વધુ સારી સેવા માટે આરોગ્ય સંજીવની (મોબાઇલ હેલ્થ યુનિટ) સેવાઓનો શુભારંભ.
- નવજાત શિશુઓને તથા માતાઓને પ્રસુતિ પછી ઘરે મોકલવા માટેની નવી ખિલખિલાટ વાનોનું લોકાર્પણ.
- રાજ્યમાં ખૂબજ લોકપ્રિય થયેલ ૧૦૮ એમ્બ્યુલન્સની સેવાઓ માટે નવી વાનોનું લોકાર્પણ અને રાજ્યમાં ૨૫ સ્થળોએ નવા ૧૦૮ સ્ટેન્ડનો શુભારંભ.
- ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી.) ને રાજ્ય સરકારના બજેટમાંથી ફાળવવામાં આવેલ નવી આધુનિક એસ.ટી. બસોનું લોકાર્પણ.



શ્રીમતી આનંદીબેન પટેલ
માન. મુખ્યમંત્રીશ્રી
ગુજરાત સરકાર



શ્રી નીતિનભાઇ પટેલ
માન. મંત્રીશ્રી આરોગ્ય, તાલીમી શિક્ષણ, પરિવાર, માર્ગ અને મકાન, પાટનગર યોજના, વાહન વ્યવહાર
ગુજરાત રાજ્ય



શ્રી સૌરભભાઇ પટેલ
માન. મંત્રીશ્રી નાણાં, ઊર્જા અને પેટ્રોકેમીકલ્સ, ખાણ-ખનિજ, કુટીર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, પ્રીન્ટીંગ અને સ્ટેશનરી, આયોજન, પ્રવાસન, નાગરીક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર



શ્રી શંકરભાઇ ચૌધરી
માન. મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) આરોગ્ય, પરિવાર કલ્યાણ, વાહન વ્યવહાર, શહેરી ગૃહ નિર્માણ
ગુજરાત રાજ્ય



શ્રી બાબુભાઇ ઘોડાસરા (નિવૃત IAS)
માન. ચેરમેનશ્રી
ગુજરાત એસ.ટી.નિગમ

સર્વે નાગરિકોને પધારવા હાર્દિક નિમંત્રણ

તારીખ : ૧૪ ઑગષ્ટ, ૨૦૧૪
સમય : સવારે ૯:૦૦ કલાકે
સ્થળ : ટાઉનહૉલ, ગાંધીનગર

સૌનો સાથ, સૌનો વિકાસ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com